# સૌ સાક્ષર શિક્ષિત હોય છે?

શિક્ષણ એટલે લખતા-વાંચતા શીખવું એટલું જ નથી. શિક્ષણ મેળવેલ વ્યક્તિ માટે સાક્ષર શબ્દ વપરાય છે. પણ તે અર્થ સંપૂર્ણ સાચો ન કહી શકાય. સાક્ષર એટલે સ-અક્ષર. અક્ષર સાથેનું. આમ જોતાં વાંચવા લખવાની આવડત જેનામાં હોય તેને સાક્ષર કહેવાય છે. છતાં સાક્ષર હોય એટલે શિક્ષિત હોય એમ માનવું ભૂલ ભરેલું છે. સાક્ષર હોય તે શિક્ષિત ન પણ હોય અને શિક્ષિત હોય તે સાક્ષર ન પણ હોય. એટલે કે અભણ હોય છતાં શિક્ષિત હોઈ શકે. જેનો અર્થ એવો ઘટાવી શકાય કે, શિક્ષણમાં અક્ષર સિવાયની પણ અન્ય બાબતોનો સમાવેશ થાય છે. આવી અન્ય બાબતો ઘણી ઘણી હોઈ શકે. " હોઈ શકે નહીં" પણ હોય જ. આવી બાબતોમાં સ્થળ અને કાળ પ્રમાણે ફેરફાર થતો રહે. આ ફેરફાર જ શિક્ષણની સાર્થકતા અને સમર્થતા વ્યક્ત કરે છે.

અભણ વ્યક્તિ શિક્ષિત હોઈ શકે છે, તેમ કૂતરાં, બિલાડા, ગાય-ભેંસ, વાઘ-હાથી પણ શિક્ષિત જોઈ શકે છે. સરકસમાં જોવા મળતાં પ્રાણીઓને શિક્ષિત પ્રાણી કહી શકાય. આ ઉદાહરણથી ખ્યાલ આવશે કે, શિક્ષણને માત્ર અક્ષર સાથ જ નિસ્બત છે તેમ માનવું-વિચારવું ખોટું ગણાય. સરકસમાં જોવા મળતાં પ્રાણી અક્ષર વાંચી શકતા નથી કે લખી શકતા નથી. એવું તે તેઓ શું કરે છે કે કરી શકે તેમ છે કે જેથી તે પ્રાણીને આપણે શિક્ષિત કહીએ છીએ? આ પ્રશ્નનો વિચાર કરતાં જે જવાબ મળે તે શિક્ષણના ઘટકો ગણી શકાય. અક્ષર-શબ્દ પણ શિક્ષણનો એક ઘટક જ છે. આવા ઘટકો અનેકાનેક છે. વ્યક્તિ કે પ્રાણીમાં આવા ઘટકોનું પ્રમાણ જેટલા પ્રમાણમાં વધું તેટલા પ્રમાણમાં તે વ્યક્તિ વધુ શિક્ષિત કહેવાય. આવા ઘટકોની યાદી ખૂબ જ લાંબી હોઇ શકે. જેમકે, પોતાની રોજીરોટી મેળવવા સક્ષમ હોવું, સારાંનરસાનો ભેદભાવ પારખવો, સારો નાગરિક બનવું, નૈતિક ગુણો હોવા, વિવિધ પ્રકાર-વિષયનું જ્ઞાન હોવું, શારીરિક-માનસકિ-સામાજિક-ધાર્મિક -આધ્યાત્મિક વગેરે બાબતમાં સશક્ત હોવું, ભાવાત્મક અને ચારિત્ર્યવાન હોવું, પોતાની સંસ્કૃતિ માટે માન હોવું ।ને સંસ્કૃતિના સમરક્ષણ તથા સંવર્ધન માટેની આવડત હોવી વગેરે. આવી અનેક લક્ષણો-ગુણોને શિક્ષણના ઘટકો કહીશું. શાળામાં જઇને અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલ વ્યક્તિમાં ઉપરોક્તમાંથી કોઈ એક ગુણની ગેરહાજરી પણ તેના શિક્ષણપણા સામે પ્રશ્નાર્થ ઊભો કરે છે. માટે જ ઘણીવાર કોઇ વ્યક્તિથી અજુગતું કે અયોગ્ય કામ થાય ત્યારે કહેવાય છે કે, "ભણેલો છે છતાં આવું કર્યુ?" આ ઉદાહરણ દ્બારા ખ્યાલ આવશે કે ભણેલા એટલે કે શિક્ષત વ્યક્તિ પાસે કેવી અને કેટલી અપેક્ષા રાખવામાં આવે છે. પાટણકાંડ પછી એવું પણ કહીં સકાય કે, બધા શિક્ષકો શિક્ષત હોતા નથી. સાથે અન્ય બાબત પર પણ ધ્યાન દોરાય છે કે, બધા શિક્ષિત માણસો દિક્ષિત હોતા નથી. શિક્ષિત વ્યક્તિ દિક્ષિત હોય તો જ તેના શિક્ષિતપણાની સાર્થકતા ગણાય. શિક્ષિત વ્યર્કિત પાસે સમાજ અને દેશની અપેક્ષાઓ વધુ પ્રમાણમાં હોવાની. આ અપેક્ષાઓ સંતોષવામાં પણ તેના શિક્ષિતપણાની સાર્થકતા સમાયેલી છે. ઘણીવાર એવું પણ જોવા મળે છે કે અક્ષરજ્ઞાન મેળવેલ, શાળા કોલેજમાં જઇને ઊંચી ડિગ્રી મેળવનાર સમાજ-દેશ માટે વધુ જોખમી સાબિત થાય છે. આવા ડિગ્રીધારી માણસ પાસે ભલે ઊંચી ડિગ્રી હોય પણ શિક્ષિતપણા બાબતમાં તે ખૂબ જ ઝીરો ગણાય. તેના કરતાં

અભણ માણસ સમાજમાં રહીને સેવા કરતો હોય કે સમાજના વિકાસ માટે પ્રયત્ન કરતો હોય તો તે શિક્ષિત જ છે અને પેલા ડિગ્રીધારી વ્યક્તિ કરતાં વધુ ઊંચાઇ પર સ્થાન ધરાવે છે. ખેતરમાં ખેડ કરીને જીવન જીવતો ખેડૂત ક્યારેક એગ્રીકલચર ખાતાના અધિકારી કરતાં પણ વધુ શિક્ષિત હોઇ શકે. તે ખેડૂત પેલા અધિકારી કરતા પણ ખેતી બાબતમાં વધુ જ્ઞાની હોઇ શકે. તો શાળા-કોલેજમાં સામાન્ય ગણાતો સેવકભાઇ પણ શિક્ષક કરતાં વધુ શિક્ષિત હોઇ શકે. વધુ ગણેલા પોતાની આવડતને જોરે વધુ-મોટું ખોટું કરી શકે તે ઉક્તિ મુજબ નાના ગણાતા માણસો પાસે આવી આવડત ન હોવાથી તે નાનું પણ ખોટું કરતો નથી કે વિચારતો નથી. ત્યારે આવા સંજોગોમાં પેલા મોટા માણસ કરતાં નાના માણસો વધુ સામાજિક, વધુ ડહાપણ ભરેલા અને વધુ શિક્ષિત ગણાય.આમ શિક્ષણને અક્ષરજ્ઞાન કરતાં તેના હકારાત્મક વર્તન વ્યવહાર સાથે સાંકળી શકાય. માટે જ સરકસમાં કામ કરતાં પ્રાણીઓને આપણે શિક્ષિત ગણીએ છીએ. તે સમજી શકે છે, તે માલિકના હૂકમનું પાલન કરે છે, તેનામાં અન્ય પ્રાણી કરતાં વિશિષ્ટ આવડત હોય છે. હા... જંગલાં રહેતું પ્રાણી કેટલીક પ્રવૃત્તિઓ કરે છે, જેમકે ખોરાક શોધવો, શિકારને ફસાવવો વગેરે બાબતોને શિક્ષણ સાથે સાંકળી શકાય નહીં. તે સહજજન્ય-કુદરતી પ્રક્રિયા છે. શિક્ષણ અન્યનું અનુકરણ, તાલીમ કે શીખવાથી કે અનુભવના આધારે વર્તનના ફેરફારથી પ્રાપ્ત થાય છે.

શિક્ષણનો મૂળ હેતુ જ એ છે કે વ્યર્કિતનો સવાંગી વિકાસ કરવો. આ વિકાસ હકારાત્મક બાબતમાં હોવો જોઇએ. ચોરને પકડાઇ ન જવાય તેવી રીતે ચોરી કરતાં પાવરધો કરવો તે સાચા અર્થમાં શિક્ષણ નથી. શિક્ષણના અર્થને તેના પરિણામ સાથે જોડવું જોઇએ. જે આવડત-કૌશલ્યના અંતે વ્યક્તિ કે સમાજ કે મૂલ્યોને નુકશાન થતું હોય તેવી આવડત શિક્ષણથી ઘણી દૂર છે. શિક્ષણ વ્યર્કિતની સાથે સમાજનો પણ વિકાસ કરે છે. શિક્ષણને હકારાત્મક બાબતોના વિકાસ સાથે જ સંબંધ છે. દુનિયા વિકસતી જાય ચે, કારણકે વ્યર્કિત વિકસતો જાય છે. આ વિકાસની દોડમાં નકારાત્મક બાબતોના વિકાસમાં આપણી શક્તિ ન વેડફાય તે આપણે સૌએ જોવાનું છે. સાચો શિક્ષિત વ્યક્તિ આવી દોડમાં નહીં જોડાય. અક્ષરજ્ઞાન વધે, વાંચન વધે, લેખન વધે તેની સાથે મૂલ્યો પણ વધવા જોઇએ. આ મૂલ્યો પણ અનેક પ્રકારના છે. આ બધી બાબતોનો આપણામાં સંપૂર્ણ વિકાસ પણે વિકાસ કરવો અશક્ય છે, પણ મોટાભાગની બાબતોમાં મોટાભાગનો વિકાસ કરવો અશક્ય નથી. માટે દરેક વ્યર્કિતએ હકારાત્મક ગણાતી મોટાભાગની બાબતોમાં મોટાભાગનો વિકસા કરવાની તમન્ના રાખીને મથવું જોઇએ. આ મથામણ જ વ્યક્તિ, સમાજ, દેશ અને દુનિયાનો વિકાસ કરશે.